ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# શહેરમાં ધોધમાર દોઢ ઈંચ વરસાદ : સાર્વત્રિક ઠંડક

**ગાંધીનગરમાં સિઝનનો ૮.૫ ઇંચ વરસાદ થયો, સરેરાશ વરસાદની સાપેક્ષમાં માત્ર ૩૦ ટકા વરસાદ : સેકટરોમાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાયાં : વરસાદી સમસ્યાઓ જટીલ બની : રાત્રિના આક્રમક વિજકડાકા : ત્રણ દિવસથી અસહ્ય ઉકળાટ અનુભવતા નગરજનો વરસાદી મોસમ નિખરતાં મોજમાં**











ગાંધીનગર તા ૯

શહેરમાં ચોમાસાના ત્રણ મહીનાના અંતે પણ હજુ સુધી નોંધપાત્ર વરસાદ થયો નથી અલપ ઝલપ છાંટણા વરસાવતા મચ્છરીયા વરસાદથી ત્રસ્ત નગરજનો આકરા બફારાથી બેચેની અનુભવી રહ્યા છે જો કે ગઈકાલે રાત્રિના સમયે ગાજવીજ અને વિજચમકારા સાથે વરસાદનુ ભારે ઝાપટુ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી જયારે આજે પણ દિવસ દરમિયાન વરસાદી વાયરો યથાવત રહેતા હળવાભારે વરસાદી ઝાપટાના લીધે શહેરના સેકટરોમાં ચોમેર વરસાદી પાણી ભરયા હતા આકરા ઉકળાટ વચ્ચે મેઘરાજાએ મહેર કરતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. શહેરમાં દોઢ ઈંચ વરસાદ વરસ્યો હતો વરસાદી ઝાપટા વચ્ચે સેકટરોમાં વરસાદી સમસ્યાઓ જટીલ બની છે. રાત્રિના સમયે ગગનભેદી વિજકડાકાના લીધે પણ નગરજનોમાં ફફડાટ પ્રવર્તાયો હતો. શહેરમાં સિઝનનો માંડ સાડા આઠ ઈંચ વરસાદ થયો છે.

શહેરમાં ચોમાસાની શરૂઆત બાદ અષાઢ અને શ્રાવણ મહીનો પણ કોરો ધાકોર ગયો છે. અષાઢમાં ગાજયા મેઘ વરસ્યા નથી જયારે શ્રાવણમાં પણ સરવરિયા વિના જ કોરુ રહેતા નગરજનો વરસાદની ગેરહાજરી વચ્ચે અકળાયા છે. છેલ્લા ત્રણ ચાર દિવસથી સતત વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદ હાઉકલી કરી વિદાય લેતા આકરા ઉકળાટથી નગરજનો ત્રાહીમામ પોકારી ગયા હતા. છેલ્લા ઘણાં સમયથી વરસાદની વાટ જોવાતી હતી. રાજયના વિવિધ ભાગોમાં મેઘરાજાએ મહેર કરી હતી પરંતુ ગાંધીનગર સહીત ઉત્તર ગુજરાતમાં હજુ સુધી ચોમાસાની શરૂઆત થઈ ન હતી આ સ્થિતિ વચ્ચે ખેડુતોમાં પણ ચિંતાના વાદળો ઘેરાયા હતા. ગાંધીનગરમાં અત્યાર સુધી સિઝનનો માંડ ૧૯૯ મી મી વરસાદ થયો હતો. જયારે ગઈકાલ રાતથી વરસાદી વાયરો ફુંકાતા વાતાવરણ પલ્ટાની સાથે આક્રમક વિજકડાકા સાથે વરસાદી ઝાપટા વરસવાનુ શરૂ થયુ હતુ. ગઈકાલે રાત્રિના સમયે પણ વરસાદનો મિજાજ તોફાની હોવાનુ જણાયુ હતુ આકાશમાં વિજચમકારા સાથે સેકટરોમાં વરસાદના ભારે ઝાપટાથી ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. જયારે આજે સવારે પણ વરસાદી વાતાવરણ યથાવત રહ્યુ હતુ. સવારથી જ વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી નઝારો નિખર્યો હતો. બપોરના સમયે આકાશમાં ગોરંભાયેલા વાદળો ધમાકેદાર વરસતા પલવારમાં જ ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. સેકટરોના કોમન પ્લોટ તેમજ નિચાણવાળા વિસ્તારમાં ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા. દિવસ દરમિયાન વરસાદી વાયરા વચ્ચે હળવા ભારે ઝાપટા વરસતા રહેતા નગરનુ જનજીવન પણ પ્રભાવિત થયુ હતુ. મેઘરાજાએ લાંબા સમય બાદ મહેર કરતા નગરજનો પણ વરસ્યો હતો. દોઢ ઈંચ વરસાદના લીધે સેકટરોમાં અનેક ઠેકાણે પાણી ભરાઈ ગયા હતા. વરસાદી મોસમ નિખરતા નગરજનો માટે પણ વિરહના અંતે મેઘરાજાની સવારી ચર્ચાનો વિષય બની હતી. સેકટરોમાં ભીંજારાના માહોલ વચ્ચે વરસાદી સમસ્યા જટીલ સેકટરોમાં પણ હળવા ભારે વરસાદી ઝાપટા વરસતા રહ્યા હતા જયારે વરસાદી ઝાપટાના અંતે સેકટરોમાં ઠેર ઠેર પાણીના ખોબોચિયા ભરાયા હતા ખુશમિજાજ બની ગયા હતા. સેકટરવાસીઓ વરસાદમાં ભીંજાવાની મજા લીધી હતી. શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં અંદાજિત ૪૦ મી મી વરસાદ બની હતી કાદવ કિચ્ચડ વચ્ચે અનેક ઠેકાણે ગંદકીના થર જામ્યા હતા. જયારે કેટલાક ઠેકાણે નમી પડેલી વૃક્ષોની ડાળીઓ પણ

● અનુસંધાન પાન-૭ પર

## સે-૬ બીમાં વિજળી પડવાથી ઉપકરણો બળી ગયા

છેલ્લા ત્રણ ચાર દિવસના અસહ્ય ઉકળાટ બાદ ગઈકાલે રાત્રિના એકાએક કડાકા ભડાકા સાથે વિજચમકારા વચ્ચે વરસાદ વરસવાનુ શરૂ થયુ હતુ. આ દરમિયાન મોડી રાત્રિના સમેય વિજકડાકા વચ્ચે સે-૬ માં વિજળી પડી હતી. સેકટર -૬ માં વિજળી પડી હતી પરંતુ સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી. પરંતુ આ વિસ્તારમાં રહેતા રહીશોના વિજ ઉપકરણો બળીને ખાખ થતા તેમની પરેશાની વધી હતી. જયારે રહેણાંક વિસ્તારમાં સોલાર પેનલ ધરાવતા રહીશોના ઘરોમાં વિજળી પડવાના લીધે વિશેષ નુકસાન થયુ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જેમાં ટી વી પંખા અને ફ્રીજ પણ ખોટવાયા હતા જેના લીધે સ્થાનિકોમાં પણ ફફડાટ વ્યાપ્યો હતો. છેલ્લા બે દિવસથી વાદળિયા વાતાવરણ વચ્ચે અસહ્ય ઉકળાટ પ્રવર્તયો તો. જયારે રાત્રિના સમયે વાતાવરણ પલ્ટાના અંતે મેઘરાજાએ બઘટાટી બોલાવી હતી. આકાશમાં વિજ ચમકારા વચ્ચે કડાકા ભડાકા થતા નાગરિકોમાં ગભરાટ પ્રવર્તાયો હતો. રાત્રિના ૯ : ૪૫ ની આસપાસ આકાશમાં ગગનભેદી વિજ કડાકા થતા રહીશોમાં ભય પ્રવર્તાયો હતો જયારે આ દરમિયાન વિજળી પડતા સે-૬ બી ના રહેણાંક વિસ્તારમાં ઉપકરણોને નુકશાન થયુ હતુ. સેકટરમાં ઉંચી ઈમારતો અને મંદિરોમાં વિજળી જમીનમાં ઉતરી જાય તેવી સિસ્ટમ હોવાથી વાંધો આવ્યો ન હતો પરંતુ રહેણાંકમાં સોલાર ધરાવતા ઘરોમાં વાયર ખુલ્લા હોય તેમાં ઉપકરણોને નુકશાન થયુ હતુ. ચંદ્ર માલેશ્વર મંદિરમાં સી સી નુ જોડાણ તેમજ મોનિટર બંધ થઈ ગયુ હતુ. આ વિસ્તારમાં રહીશોના વિજઉપકરણો પણ બળીને ખાખ થયા હતા. વિજળી પડવાના લીધે કેબલનુ જોડાણ પણ ખોરવાયુ હતુ.

## મોંઘેરા મેઘરાજા ટોક ઓફ ધ ટાઉન બન્યા...

શહેરમાં ચોમાસાની શરૂઆતથી જ આકાશમાં ઘેરાવ નાંખતા વરસાદી વાદળો વચ્ચે વરસાદ હાઉકલી કરીને વિદાય થઈ જાય છે. છેલ્લા ત્રણ મહીનાના અંતે પણ શહેરમાં સિઝનનો પુરતો વરસાદ થયો નથી. જયારે છેલ્લા કેટલાક દિવસોથી વરસાદની ગેરહાજરી વચ્ચે ઉકળાટનુ પ્રમાણ વધતા નગરજનો બેબાકળા બની ગયા હતા. જયારે ગઈકાલ રાતથી આજે દિવસ દરમિયાન શહેરીજનોને પ્રથમવાર મેઘરાજાએ હાજરી પુરાવી હોવાનો અહેસાસ થયો હતો. શહેરમાં વરસાદી મોસમ નિખરી હતી. અનેકવાર આગાહીઓના અંતે પણ વરસાદ વરસ્યો ન હતો જેના લીધે મોસમ વિભાગ અંગે ટીપ્પણી કરતા નગરજનોએ વરસાદી મોસમની મજા માંણી હતી. શહેરીજનો માટે દિવસ દરમિયાન મેઘ મહેર ચર્ચાનો વિષય બની રહ્યો હતો.

# જિલ્લામાં સાર્વત્રિક વરસાદથી ખેડૂતો હરખાયા

**દહેગામમાં બે કલાકમાં ૩ ઈંચ વરસાદ તો માણસામાં ૪ કલાકમાં અઢી ઈંચ વરસાદ નોંધાયો : કલોલ-ગાંધીનગરમાં હળવાથી ભારે વરસાદી ઝાપટાંથી વાતાવરણમાં પલ્ટો : હજુ ૧૪મી સપ્ટેમ્બર સુધી વરસાદ, ૧૦, ૧૧, ૧૨ સપ્ટેમ્બરે ભારે વરસાદની સંભાવના**

## દહેગામમાં મેઘરાજાની તોફાની બેટીંગ

**બિલામણામાં વીજળી પડતાં ત્રણ બાળકો દાઝી ગયાં : ૨૬ બકરાં-ઘેટાંના મોત, ચેખલાપગીમાં મકાનના છાપરાં ઉડ્યાં : એક બાળકી ઈજાગ્રસ્ત : સલકી અને પાટનાકુવા ગામે પણ ભેંસ અને બળદના મોતના સમાચાર**

ગાંધીનગર, તા. ૯

દહેગામ તાલુકાના બિલામણા ગામની સીમમાં આજે બપોરના સુમારે આકાશી વીજળી પડતાં બે બાળકો અને એક બાળકી ગંભીર રીતે દાઝી ગયા હતા જ્યારે ૨૬ બકરા અને એક ઘેટાનું વીજ પ્રકોપથી મોત થયુ હતુ.

મળતી વિગતો મુજબ નાના જલુન્દ્રા ગામના પશુપાલકો પોતાના બકરા-ઘેંટા લઈ અને બિલામણા ગામની સીમમાં ચરામણ કરવા આવ્યા હતા.

બપોરે દહેગામ તાલુકામાં મેઘરાજાએ કરેલી તોફાની વર્ષામાં વિજળી પડતાં ૨૬ બકરા અને એક ઘેટાનું મોત થયુ હતુ. જ્યારે પશુપાલકોના ત્રણ બાળકો ગંભીર રીતે દાઝી જતાં તેમને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

નાના જલુન્દ્રા ગામના પશુપાલકો ભલાભાઈ દેવીપૂજક અને સુરાભાઈ દેવીપૂજક પોતાના ઘેટા-બકરા અને બાળકો સાથે બિલામણા ગામની સીમ નજીક આવ્યા હતા અને ત્યારે આકાશી વીજળી પડતાં આ હોનારત થઈ હતી.

મળતી વિગતો પ્રમાણે પ્રવીણ અને ચેતના

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં આજે મેઘરાજા મન મુકીને વરસ્યા હતા અને સાંજે ૬ વાગ્યા સુધીમાં સરેરાશ દોઢ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો.

જિલ્લામાં આજે સાર્વત્રિક વરસાદ થતાં ખેડૂતોમાં ખુશીનું મોજુ પ્રસરી ગયુ હતુ. જિલ્લામાં આજે થયેલા આ વરસાદથી વાતાવરણમાં પણ બદલાવ આવ્યો છે.

બપોર પછી મેઘરાજાએ મન મુકીને વરસવાનુ શરૂ કર્યુ હતુ. સવારે કલોલમાં ૬ થી ૮ ના ગાળામાં ૪ મી.મી. જેટલો વરસાદ નોંધાયો હતો. આ પછી ગાંધીનગરમાં પણ બપોરે ૧૨ વાગ્યાથી મેઘરાજાની પધરામણી થઈ હતી. હળવા ઝાપટા સતત ચાલુ રહેતાં શહેર અને તાલુકામાં પણ જનજીવન પર ઘેરી અસરો પડી હતી.

માણસામાં બપોરના ૧૨ થી ૨ ના ગાળા દરમ્યાન જ દોઢ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. આ પછી ૨ થી ૪ ના ગાળામાં એક ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. આ પછી તાલુકામાં વરસાદનું જોર ઘટ્યુ હતુ.

દહેગામમાં બપોરે ૨ થી ૪ ના બે કલાકના ગાળામાં જ ત્રણ ઈંચથી વધુ વરસાદ થતાં ખેડૂતોએ રાહત અનુભવી હતી. દહેગામ તાલુકામાં જિલ્લાનો અત્યાર સુધી સૌથી ઓછો વરસાદ નોંધાયો હતો જે ઉલ્લેખનીય છે.

● અનુસંધાન પાન-૭ પર

## આ ચોમાસાના ૧૦૦ દિવસમાં ૪૪ દિવસ વરસાદ પડ્યો...

**સપ્ટેમ્બરના છ દિવસના વરસાદથી તંત્ર અને ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં ચોમાસાના ૧૦૦ દિવસમાં આજે મેઘરાજા મન મુકીને વરસ્યા છે. જિલ્લામાં ચોમાસાના આ ૧૦૦ દિવસમાં કુલ ૪૪ દિવસ આજના સહિત વરસાદ થયો છે.

જિલ્લામાં આમ તો જુલાઈ-ઓગષ્ટમાં સારો વરસાદ થતો હોય છે પણ આ વખતે મેઘરાજાએ બહુ રાહ જોવડાવી છે.

મળતી વિગતો પ્રમાણે જુન મહિનામાં ૧૨ દિવસ વરસાદ પડ્યો હતો. જુલાઈમાં ૧૬ દિવસ, ઓગષ્ટમાં ૧૦ દિવસ અને સપ્ટેમ્બર મહિનામાં આજ સહિત કુલ ૬ દિવસ વરસાદ નોંધાયો છે.

જાણકારોના જણાવ્યા પ્રમાણે જુનમાં ૮.૮૫ ટકા સિઝનનો અર્થાત સરેરાશ ૬૮ મી.મી. વરસાદ નોંધાયો હતો.

જુલાઈ માસમાં વધુ ૧૬ ટકા જેટલો વરસાદ નોંધાયો હતો. જુલાઈના અંતે જિલ્લામા સિઝનનો ૨૪.૭૨ ટકા વરસાદ નોંધાયો હતો અર્થાત જિલ્લામાં ૧૮૯ મી.મી. વરસાદ થયો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## મનપાની ટીમોએ પથિકા ડેપો અને રેલ્વે સ્ટેશન પર ૫ હજારનું સ્કીનીંગ કર્યુ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરમાં ત્રીજી લ્હેરની સંભાવનાઓને લઈ તંત્રએ તેની આગોતરી કામગીરી હાથ ધરી દીધી છે. ત્રીજી લ્હેરની પરિસ્થિતિને પહોંચી વળવાની પૂરતી તૈયારીઓ સાથે તંત્રએ પણ ત્રીજી લ્હેર આવે જ નહિ તે રીતે તેની કામગીરી વેગીલી કરી છે.

મળતી વિગતો પ્રમાણે મનપાના આરોગ્યતંત્ર દ્વારા ૧લી સપ્ટેમ્બરથી ૯ મી સપ્ટેમ્બર સુધી એસ.ટી. ડેપો પથિકાશ્રમ ખાતે તેમજ રેલ્વે સ્ટેશન ખાતે મુસાફરોનું સ્કીનીંગ શરૂ કરી દીધુ છે અને નવ દિવસના આ સમયગાળામાં જ ૫ હજાર જેટલા મુસાફરોનું સ્કીનીંગ કરવામાં આવ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

**વડનગરા નાગર દુઃખદ અવસાન**



અમારા સ્વજન ગં.સ્વ. પલ્લવી જ્વલંત બક્ષીનું (નિવૃત શિક્ષિકા-કેન્દ્રીય વિદ્યાલય,સ્વ. હંસાબેન તથા સ્વ. પદ્મનાભભાઈ છાયાના સુપુત્રી) દુઃખદ અવસાન તા. ૭/૯/૨૦૨૧ને મંગળવારના રોજ થયેલ છે. વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લઈને સદ્દગતને શ્રધ્ધાંજલી ઓનલાઈન આપવા માટે
https://www.soulprints.in/tribute/Pallavi-Bakshi

જનાર્દન - નિર્મળા બક્ષી
રાજીવ - સોનલ બક્ષી
હીના - સુધીર દેસાઈ
લી.
અમરીશ - નયના છાયા
માધવી - દીપક બૂચ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com